# પ્રેસનોટ
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુ-બાજુ વિસ્તારમાં BRTS અને સીટી બસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. ભારતના સૌથી લાંબા ૧૦૮ કિમીના ડેડીકેટેડ BRTS કોરીડોર મારફત વિવિધ ૧૩ રૂટ પર ૩૮૫ BRTS બસ કાર્યરત છે તથા વિવિધ ૪૫ સીટી બસ રૂટ પર ૪૪૦ બસનું સંચાલન કરવામાં આવે છે અને હાલમાં કુલ-૪૧૮ કિમીના રૂટ ઉપર સીટી બસ સેવા કાર્યરત છે. દૈનિક ધોરણે આશરે ૨ લાખથી વધુ મુસાફરો ધ્વારા સદર સેવાનો લાભ લેવામાં આવી રહેલ છે.

સુરત શહેરના ટ્રાફિક પોલીસ વિભાગના પત્ર ક્રમાંક/આરબી/ટ્રાફિક/૧૫૪૭/૨૦૨૬, તા.૩૧/૦૫/૨૦૨૬ અને પત્ર ક્રમાક/જાવક નં.-૧૭૧૪/૨૦૨૬, તા.૦૧/૦૬/૨૦૨૬ મુજબ આગામી તારીખ-૦૫/૦૬/૨૦૨૬ ના રોજ ભારતના માનનીય વડાપ્રધાન સાહેબશ્રીના સુરત શહેર પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન તેઓની સુરક્ષા કેટેગરી ધ્યાને લઈ આવવા જવાનો રૂટ વિસ્તારોના BRTS તેમજ સીટીલીંક બસોની સેવા આગામી તારીખ-૦૫/૦૬/૨૦૨૬ ના રોજ સ્થગિત કરી અન્ય રૂટ ઉપર ડાયવર્ટ કરવા જણાવેલ છે. **જે અન્વયે નીચે જણાવેલ અસર થતા સિટી તથા BRTS રૂટોમાં ફેરફાર કરવામાં આવેલ છે. વધુમાં કાર્યક્રમ અન્વયે અન્ય રૂટો પણ ઓછી ફ્રિકવન્સીથી ચલાવવામાં આવનાર છે. તદઉપરાંત આ સિવાય અન્ય રૂટોમાં પણ જો ટ્રાફિક પોલીસ વિભાગની સુચના મળશે તો તે મુજબના જરૂરી ફેરફાર કરવામાં આવશે.**

| BRTS SERVICE | | |
|---|---|---|
| **ROUTE NO** | **ROUTE NAME** | **REMARKS** |
| **12** | ONGC COLONY- SARTHANA NATURE PARK | SOMESWAR – SARTHANA NATURE PARK |
| **14** | ONGC COLONY - KOSAD EWS H2 | PAL RTO – KOSAD EWS H2 |

| CITY BUS SERVICE | | |
|---|---|---|
| **ROUTE NO** | **ROUTE NAME** | **REMARKS** |
| **136** | RAILWAY STATION - AIRPORT | CLOSED |
| **206** | CHOWK - C.K.PITHAWALA ENG.COLLEGE | CLOSED |
| **658** | ADAJAN GSRTC - ICCHAPOR | CLOSED |
| **706** | ISKCON CIRCLE - VNSGU | CLOSED |
| **106R** | RAILWAY STATION - ABHVA GAAM | CLOSED |
| **153R** | UMRA GAAM - KAPODRA (VIA RING ROAD) | CLOSED |
| **216B** | CHOWK - BHIMPORE | CLOSED |
| **216K** | CHOWK - KAADI FALIYA DUMAS | CLOSED |
| **226J** | KOSAD GAM - VNSG UNIVERSITY (VIA CHANDRA SHEKER) | CLOSED |
| **658B** | ADAJAN GSRTC - ICCHAPOR (VIA BHATPOR) | CLOSED |
| **716** | JAHANGIRPURA - GAIL COLONY VESU | CLOSED |
| **126R** | RAILWAY STATION - VNSGU | CLOSED |

**ઉપરોક્ત તમામ રૂટોમાં જરૂરી અમલીકરણ કાર્યક્રમ પૂર્ણ થાય ત્યા સુધી અને ત્યાર બાદ ટ્રાફિક પોલીસ વિભાગની સુચના મળ્યેથી સદર રૂટો રાબેતા મુજબ શરુ કરવામાં આવશે.** જેની શહેરીજનોએ ખાસ નોંધ લેવી.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નં. .........................**
**તા.૦૪/૦૬/૨૦૨૬**